Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

—— અષાડ ——

પુસ્તક ૭૬ મું
અંક ૯
૨૫ મી જુન

વીર સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬
ઇ. સ. ૧૯૬૦

पुढवी साली जवा चेव,
हिरण्णं पसुभिस्सह ।
पडिपुण्णं नालमेगस्स,
इइ विज्जा तवं चरे ॥

એક જ માણસને માટે પણ ચોખા, જવ, સુવર્ણ અને પશુઓથી ભરપૂર આ સમસ્ત પૃથ્વી પૂરતી નથી, અર્થાત્ એક પણ લોભી પુરુષ આટલી સંપત્તિથી સંતોષ પ્રાપ્ત કરી શકતો નથી, તેમ સમજીને તપ, સંયમ તરફ વળવું જોઈએ—તપ તથા સંયમનું આચરણ કરવું જોઈએ.

कोहं च माणं च तहेव मायं,
लोभं चउत्थं अज्झत्थदोसा ।
एयाणि वन्ता अरहा महेसी,
न कुव्वई पावं न कारवेई ॥

ક્રોધ, માન, માયા અને ચોથો લોભ—આ ચારે અંતરાત્માના—અધ્યાત્મના ભયંકર દોષો છે. તમામ પ્રાણીઓ પ્રત્યે સમભાવ કેળવવા મથતો મહર્ષિ, આ ચારે દોષોને હાંકી કાઢી પાપપ્રવૃત્તિને કરે નહિ અને બીજા પાસે કરાવે પણ નહિ.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अनुक्रमणिका


૧ તત્ત્વોના ભેદો .... .... (શ્રી સવાઈલાલ જાદવજી) ૯૭
૨ શ્રી પાર્શ્વજિન સ્તવન .... .... (મુનિરાજશ્રી મનમોહનવિજયજી) ૯૮
૩ આધ્યાત્મિક પદ .... .... ( ,, ,, ) ૯૮
૪ જ્ઞાન સમુદ્ર જેવું છે, આપણું પાત્ર નાનું છે (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૯૯
૫ નમસ્કારમહામંત્ર-મૌક્તિકમાળા (૬) .... (પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય) ૧૦૨
૬ મહિમાપ્રભસૂરિરચિત રતિરહસ્ય-ટીકા .... (શ્રી અગરચંદજી નાહટા) ૧૦૫
૭ પ્રશ્નોત્તરસાર્ધશતક (૨૯) .... (અનુ. આ શ્રી વિજયમહેન્દ્રસૂરિજી) ૧૦૭
૮ લુધિયાના અધિવેશનના ઠરાવો .... .... .... .... ૧૧૦
૯ પુસ્તકોની પહોંચ .... .... .... .... ટા. પે. ૩



અપૂર્વ પ્રકાશન — અવશ્ય વસાવો

# લલિત વિસ્તરા

કર્તા–સમર્થ વિદ્વાન મહર્ષિશ્રી હરિભદ્રસૂરીશ્વરજી

વિવેચનકર્તા–ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા M. B. B. S.

ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ ૭૬૨, પાકું હોલક્લોથ બાઈંડીંગ, સુંદર છાપકામ

**મૂલ્ય માત્ર રૂપિયા નવ**

"શ્રી સિદ્ધર્ષિ" જેવા મહાવિદ્વાન આચાર્ય મહારાજશ્રી પણ જે ગ્રંથના વાચનથી જૈન ધર્મમાં સ્થિર થયા તેવા આ અપૂર્વ ગ્રંથનું મૂલ્યાંકન થઈ શકે નહિ.


જૈન ધર્મનું હાર્દ સમજવા માટે તેમજ ચૈત્યવંદન–રહસ્ય સમજવા માટે આના જેવો ઉત્તમ કોટિનો કોઈ ગ્રંથ નથી. આ ગ્રંથને બાળજીવો અને સૌ કોઈ સરળ રીતે સમજી શકે તે માટે વિદ્વાન લેખકે ડૉ. ભગવાનદાસે સુંદર વિવેચન આલેખ્યું છે અને તે અંગે પંચાંગી યોજના કરી છે.

અતિઆવશ્યક આવા ગ્રંથની પ્રશંસા કરવી તે સુવર્ણને ઓપ આપવા જેવું છે. દરેક ધર્મપ્રેમી ગૃહસ્થે અને લાયબ્રેરીના વ્યવસ્થાપકે આવો સુંદર ગ્રંથ વસાવી લેવો જોઈએ. કીમત રૂપિયા નવ, પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૬ મું અંક ૯ | અશાડ | વીર સં. ૨૪૮૬ વિ. સં. ૨૦૧૬

## તત્ત્વોના ભેદો

(રાગ—અજબ જિંદગી અહીંની થઈ ગઈ)

માનવતા મારી બગડી ગઈ, પશુવૃત્તિ બળ તળે.
જિનજી; તારાથી દુઃખ ટળે.
પ્રેમ અને પૈસાને પેખી, ઢળક ચિત્તડું ઢળે.
જિનજી; તારાથી દુઃખ ટળે... ....ટેક
અંતર લોચનનો અંધાપો. કૃપાનિધિ કિંકરનો કાપો;
તત્ત્વપ્રકાશ પ્રસારો પ્યારા, માર્ગ માહિતી મળે.... જિનજી૦ ૧
ચૌદ, ચૌદવિધ, જીવ, અજીવ છે, પુન્ય તત્ત્વ, બે તાળીશ ભેદે;
પાપ તત્ત્વની બ્યાશી બાબત, જ્ઞાન ઉતારો ગળે.... જિનજી૦ ૨
આશ્રવ, બેંતાળીશ, સત્તાવન, સંવર, નિર્જરાતપ દ્વાદશ;
ચાર બંધ, મુક્તિ નવ ભેદે, સમજે સમકિત ફળે.... જિનજી૦ ૩
જીવે તે જીવ, જડ અજીવ છે, શુભ અશુભ ફળ, પુન્ય પાપ છે;
આશ્રવ દ્વારા કર્મો આવે, અટકે સંવર બળે.... જિનજી૦ ૪
સંબંધ કર્મનો આત્મપ્રદેશે, બંધનરૂપ તે બંધ તત્ત્વ છે;
નાશ નિર્જરા કરે કર્મનો, મુક્ત દશા તો મળે.... જિનજી૦ ૫
જડ સંયોગ સવાઈ સૂતેલો, પરાધીન જંજીર પડેલો;
ધર્મ—નાવ બેસારી તારો, જગત ઉદધિ જળે.... જિનજી૦ ૬

શ્રી સવાઈલાલ જાદવજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી પાર્શ્વજિનનું સ્તવન

માતા વામાના જાયા કાશી યુવરાયા, પારસનાથ ભગવાન,
દર્શન તુમારા આનંદ આપે, ગળી જાય મુજ માન;
શક્તિ આપો પ્રભુજી મુજને, ગાવા તુજ ગુણગાન. માતા૦ ૧
શંખેશ્વર પારસ તું પ્રભુ સાચો, સેવક તહારા છે મૂર;
ભક્ત થાય જો દુઃખી તહારા, વિઘ્ન કરે સબ દૂર. માતા૦ ૨
તુજ નહવણ જલથી જરા નિવારી, યાદવ કુળની જેમ;
જલતો નાગ બચાવી તમે કીધો, દેવ ધરણેંદ્ર તેમ. માતા૦ ૩
સંસાર અગ્નિમાં હું પણ જલતો, નાથ કરો મુજ વાર;
પ્રભુજી જો મુજ વારે આવો, તો છું ઉગરનાર. માતા૦ ૪
અજયપાલને એકી સાથે, રોગ થયા સો સાત;
તુજ નહવણ જલથી દૂર કર્યા પ્રભુ, અજારા પારસનાથ. માતા૦ ૫
નામ અનેક છે પ્રભુ તહારા, એક તું પારસનાથ;
તુજ જિનવર શાસન પામી અમે તો, થયા હવે સનાથ. માતા૦ ૬
મંગલપુરમાં આપ બિરાજો, નવપલ્લવ ભગવાન;
મનોહર ગુરનો **મનમોહન** વાંછે, તુજ હૃદયમાં (ચરણમાં) સ્થાન. માતા૦ ૭

**મુનિરાજશ્રી મનમોહનવિજયજી**

## અધ્યાત્મ પદ

આશાવરી

અબધુ અમૃત ઢુંઢન જાયો, દેશ ગયો પરદેશ ગયો,
સબ દેશ દેખકે આયો;
બાગ બગીચા આરામ નંદન, દેખા બહોત હરખાયો. અબધુ૦ ૧
પહાડ ફર્યો જંગલ ફર્યો સબ, સમય બહુત ગુમાયો;
જોગી દેખા ભોગી દેખા, અમૃત રાહ દેખાયો. અબધુ૦ ૨
સદ્‌ગુરુ વિણુ મુજ સંસારસુખની, લગની ચિત્ત લગાયો;
કુગુરુ સંગે વિષયા રંગે, શુદ્ધ અમૃત નવિ પાયો. અબધુ૦ ૩
પૂણ્ય જાગે સદ્‌ગુરુ પ્રતાપે, જિનધર્મ જો આયો;
આત્માનંદી પાપ નિકંદી, રૈવતગિરિ સુખદાયો. અબધુ૦ ૪
નેમિ જિનેશ્વર તીરથ પામી, સમતા જલમેં નહાયો;
મનોહર અધ્યાતમ રસ અમૃત, **મનમોહન** ભીતર છાયો. અબધુ૦ ૫

**મુનિરાજશ્રી મનમોહનવિજયજી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાન સમુદ્ર જેવું છે, આપણું પાત્ર નાનું છે

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

જગતમાં જ્ઞાન અગાધ છે, અનંત છે અથવા અપરિમિત છે એમાં શંકા નથી. એટલે જ કહેવાય છે કે, જ્ઞાનનો કોઈ પાર પામ્યું નથી. આપણી આંખને આકાશ જણાય છે અને વિશ્વની ત્યાં પરિસીમા થઈ ગઈ એમ આપણને ભાસ થાય છે. પણ કોઈ અજ્ઞાત સાધનથી જો આપણે એકાદ ગ્રહગોળ ઉપર જઈ શકીએ અથવા કોઈ નક્ષત્ર ઉપર આપણે પહોંચી જઈએ તો આજે આપણને જે આકાશ જણાય છે તેવું જ આકાશ આપણે ત્યાંથી પણ જોઈશું. એટલે અમે ત્યાં જઈએ તો પણ આકાશ તો આપણને પરિમિત જ જણાશે. પણ એ એની પરિસીમા નથી, એ સ્પષ્ટ છે. એ ઉપરથી આપણી દૃષ્ટિની એ મર્યાદા છે એમ જણાય છે. આપણી દૃષ્ટિ ત્યાં સુધી જોઈ શકે છે તેટલી જ તેની મર્યાદા બંધાઈ જાય છે. એની આગળ જોવાની આપણી શક્તિ ચાલતી જ નથી. તેથી આપણે આગળ જોઈ શકતા નથી. એટલે જ આકાશ દ્રવ્ય અનંત છે એ સ્પષ્ટ જોઈ શકાય છે. એ જ સ્થિતિ કાળની પણ છે. કાળ અમુક દિવસે થયો એમ કોઈ કહી શકે તેમ નથી. એ કાળને જો આપણે મર્યાદા બાંધીએ તો તેના પહેલા કાળ નહીં જ હતો એમ શી રીતે આપણે કહી શકીએ ? અર્થાત્ કાળ પણ અનાદિ છે તેમ અનંત પણ છે. તેવી જ સ્થિતિ જ્ઞાનની પણ છે. કારણ જ્ઞાનને પણ કોઈ જાતની મર્યાદા હોતી નથી. એટલે જ્ઞાન પણ અનંત જ કહેવાય છે. ત્યાં પ્રશ્ન એવો થાય છે કે, કેવળજ્ઞાની ભગવંતો અને સિદ્ધ ભગવંતો અનંત જ્ઞાનના ધણી છે, એ શી રીતે પૂરવાર થાય ? કારણ જ્ઞાનના પ્રકાર પાંચ માનવામાં આવે છે. તેમાંના ચાર પ્રકાર ઘણાઓને પ્રાપ્ત થાય છે, પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારા અત્યંત થોડા કાલાંતરે ઉત્પન્ન થાય છે, એઓને સંપૂર્ણ જ્ઞાન મળી ગયું એ સંબંધમાં આપણે વિચાર કરીએ.

જેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે તેમના જ્ઞાનાવરણીય બધા જ કર્મોનો નાશ થએલો હોય છે. તેમના આવરણો કે અવરોધો ખસી ગએલા હોવાને લીધે જેમ સૂર્ય ઉદય થતા અંધકાર જતો રહે તેમ તેમના આત્મપ્રદેશો સર્વાંગપૂર્ણ થઈ ગએલા હોય છે. તેમને જોવાનું કાર્ય આપણી પેઠે ઇંદ્રિયોદ્વારા કરવાનું હોતું નથી. તેમને કોઈ જાતનો અવરોધ નડવાનું કાંઈપણ કારણ હોતું નથી, તેથી તેઓ સાક્ષાત્ આત્મપ્રદેશોદ્વારા બધો અનુભવ મેળવી લ્યે છે. ત્યારે જ એવા આત્માનુભવના જ્ઞાનને કેવળજ્ઞાન કહે છે. વિશ્વમાં ષડ્દ્રવ્ય સિવાય બીજું કશું જ નથી, એવો પ્રત્યક્ષ સાક્ષાત્કાર તેમને થએલો હોય છે. તેમનું વ્યક્તિત્વ મર્યાદિત હોતું નથી, તેઓ સત્–ચિત્–આનંદના સુખમાં અવિચ્છિન્ન રીતે અને અબાધિતપણે સ્થિત હોવાથી અજ્ઞાન જેવી વસ્તુ તેમની પાસે પ્રવેશી શકતી નથી; માટે જ તેઓ સર્વજ્ઞ ગણાય છે. આપણે ગમે તેટલું વર્ણન કરીએ તો પણ શબ્દો તેનું વર્ણન કરી શકતા નથી. અત્યાર સુધી અનેક જ્ઞાની મહાત્માઓએ એનું સ્વરૂપ વર્ણન કરવાનો પ્રયત્ન કર્યો છે, છતાં તેનું આબેહુબ વર્ણન કરવા કોઈ સમર્થ થયા નથી. કારણ એ અવસ્થા શબ્દાતીત છે, તેમ અગમ્ય પણ છે, એ તો જે જાણે તે અનુભવી શકે, તેઓ પણ વર્ણન તો કરી શકે જ નહીં. સામાન્ય સાકરનું સ્વાદિષ્ટપણું પણ શબ્દમાં પણ વર્ણવી શકાતું નથી. સાકર કેવી હોય છે ? એના જવાબમાં છેવટ કહેવું જ પડે છે કે, ભાઈ, ખાઈ જુઓ. ત્યારે જ ખબર પડશે. આવી વસ્તુઓ તો ઇંદ્રિયગમ્ય નહીં પણ અનુભવગમ્ય જ હોય છે. મને અમુક જ્ઞાન થયું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ કહેનાર એ જ્ઞાન કાંઇ બતાવી શકતો નથી. આત્મા સાથે જે વસ્તુનો સીધો સંબંધ હોય છે તે આત્માને જ જાણવામાં આવે છે, ઇંદ્રિયોને નહીં. સામાન્ય માણસને પણ અમુક પોતાને ગમતું કાર્ય થાય છે ત્યારે અપૂર્વ આનંદ આવે છે, તેના રોમેરોમ વિકસ્વર થાય છે અને એ આનંદની સંવેદના અનુભવે છે, એ પ્રફુલ્લિત હૃદયે પોતાનો હર્ષાતિરેક અનુભવે છે, કદાચિત હર્ષઘેલો થઇ નાચવા-કૂદવા માંડે છે, પણ એ સુખની સંવેદનાનો આબેહૂબ ચિતાર મોઢેથી વર્ણન કરી શકતો નથી. કારણ એવું કરવાની શક્તિ શબ્દોમાં નથી.

જેમ સમુદ્ર ઊંડો અને વિશાળ હોય છે તેમ જ્ઞાન પણ ઊંડું અને વિશાલ હોય છે. નદીનું પાણી જો કે ઓછું ગણાય છતાં તે બધું કેટલું છે એનું ચોક્કસ અનુમાન કરી શકાતું નથી, છતાં નદીના પાણીનો આપણને ખપ હોવાથી આપણે તે ઊંચકી લાવવું પડે છે. જ્યારે પાણી ગ્રહણ કરવું પડે ત્યારે તે માટે વાસણનો ખપ લાગે અને એ વાસણ નાનું કે મોટું હોય તેટલું જ પાણી આપણે ગ્રહણ કરી શકીએ છીએ અર્થાત્ નદી કે સમુદ્ર અથાગ હોય છે, છતાં આપણે આપણા વાસણને શક્ય હોય તેટલું જ પરિમિત પાણી મેળવી શકીએ છીએ. એમ છતાં જો આપણે મુખથી કહીએ કે મેં આ વાસણમાં ગંગા સમાવી અગર સમુદ્ર સમાવ્યો તો એ કેટલું અસંગત ગણાય ? એ સાક્ષાત્ દેખીતું અસત્ય છે એમાં શંકા નથી. છતાં બોલવામાં એવું કોઇ બોલી જાય છે. ગંગા નદીનું પાણી પવિત્ર ગણાય છે તેથી એકાદ નાના ચંબુમાં ગંગા નદીનું પાણી લાવી કોઇ 'મેં ગંગા વાળી'. એવું મોટે બોલે છે. એ બોલનાર જાણે છે કે એ બોલવું કેવળ ઔપચારિક છે. આખી ગંગા કાંઇ આવા નાના ચંબુમાં સમાય જ નહીં છતાં એમ બોલાય છે એમાં શંકા નથી. જેમ ગંગાજલ માટે બોલાય છે તેમ જે માણસ અલ્પજ્ઞાન મેળવી લ્યે છે ત્યારે આપણે ખૂબ જ્ઞાની થઈ ગયા છીએ એવો એને ભ્રમ થાય છે. અને પછી તો તે જ્યાં ત્યાં પોતાના જ્ઞાનનું પ્રદર્શન કર્યા કરે છે. અને તેને લીધે આગળનું જ્ઞાન મેળવવાનું સાધન જ બંધ થઈ જાય છે, જ્ઞાન મેળવવાનું મુખ્ય સાધન જે વિનય તે નષ્ટ થઈ જવાથી તે પોતાને પૂર્ણ જ્ઞાની થઈ ગયો છે તેમ માને છે. પછી તો એના વાચનમાં જે કાંઇ આવે તેનો અર્થ એ પોતાની મતિ અને બુદ્ધિને અનુસરી કર્યે જાય છે. અને એ જ સાચો અર્થ હોય એમ માની પોતાની મતિકલ્પનાને પુષ્ટિ આપતો ફરે છે. કદાચિત એને કોઈ શંકા પડે તો તેનું સમાધાન બીજાઓ પાસેથી મેળવવાની એને શરમ લાગે છે. અને એવી રીતે એ પોતાની બુદ્ધિને રુંધી નાખે છે. આવી છે અલ્પજ્ઞાનવાળાની સ્થિતિ !

જ્ઞાની ભગવંતો પોતાને કેવળજ્ઞાન થાય નહીં ત્યાંસુધી પોતે અપૂર્ણ છે એવું માનતા હતા. એટલું જ નહીં પણ પોતે જ્ઞાનાર્થી અગર વિદ્યાર્થી જ છે એમ સમજી વધુ ને વધુ જ્ઞાનની આલોચના અને મનન કરતા હતા. અધૂરા જ્ઞાનીને તો પોતે સર્વજ્ઞ છે એમ ભ્રમ થાય છે. ભર્તૃહરિ કહે છે કે, હું જ્યારે થોડું થોડું જાણવા માંડ્યો ત્યારે હું મોટો જ્ઞાની, પંડિત છું એમ માની હાથીની પેઠે ફુલાઈ પોતાને જ્ઞાની સર્વજ્ઞ માનવા માંડ્યો. પણ જ્યારે હું એકાદ જ્ઞાની પાસે પહોંચી ગયો ત્યારે મને તેમના ઊંડા જ્ઞાનની ઝાંખી થઈ. ત્યારે મારી ખાતરી થઈ કે હું એક મહામૂર્ખ છું. જ્ઞાનીઓ આગળ તો હું એક તુચ્છ અજ્ઞાની પ્રાણી છું. મને તો હજુ જ્ઞાન-માર્ગનો એકડો પણ આવડતો નથી. અને એવો સાક્ષાત્કાર થતાં ક્ષણવારમાં મારો અહંકારનો તાવ ઉતરી ગયો. હું પામર છું એવી મારી ખાત્રી થઈ. જ્ઞાન ક્યાં હોય અને ક્યાં ક્યાંથી મેળવવું એવો પ્રશ્ન થાય છે. એટલે જ કહેવાય છે કે, बालादपि सुभाषितं ग्राह्यम् એટલે જ્ઞાનનો જેમને ખપ હોય છે તે બાળકો પાસેથી પણ જ્ઞાન મેળવી લ્યે છે. અણઘડ જંગલી માણસ પાસેથી કેટલીએક વસ્તુઓ જાણી લેવી પડે છે. કારણ સાચા જ્ઞાની થવાની જેઓ લાયકાત ધરાવે તેઓ ગમે ત્યાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ જ્ઞાનના કણો ભેગા કરતા રહે છે. હું પૂર્ણ છું, મને બધું જ્ઞાન છે, બીજા પાસે મેળવવા જેવું હવે કાંઈ રહ્યું નથી, એવું માનનારો સાચે જ મૂર્ખ-શિરોમણી છે, એમ માનવામાં હરકત નથી. ભગવંત મહાવીરના જેઓ ગણધરો થયા તેઓ બધા જ પોતાના અહંને જ્યાં સુધી પંપાળી રહ્યા હતા ત્યાં સુધી તેમના મનમાં કંઈક અંધારું હતું. જ્યારે તેમના અંતઃકરણમાં ભગવંતના ઝળહળતા જ્ઞાનસૂર્યના કિરણોએ પ્રવેશ કર્યો ત્યારે તેમને સાચો માર્ગ જોવામાં આવ્યો ! જ્યાં સુધી એ સાચો માર્ગ તેમને જડયો ન હતો ત્યાં સુધી તેઓનું જ્ઞાન અધૂરું જ હતું એ સ્પષ્ટ છે. અર્થાત્ તેમનામાં જ્ઞાન ઓછું હતું એવો અર્થ નથી. વાસ્તવિક જ્ઞાનનો સમન્વય કેવી રીતે સાધવો ? એ સમજવાનું જ અધૂરું રહી ગયું હતું. અર્થાત્ એક ખૂટતી ચાવી જ પ્રભુએ બતાવી આપી હતી. એ ચાવી હાથમાં આવી અને અગિયારે ગણધર ભગવંતો પોતાની સાચી જગ્યા ઉપર બિરાજમાન થયા; માટે જ આપણે સર્વજ્ઞ થયા છીએ, આપણને કોઈની સલાહની જરૂર જ શી ? એવી ભ્રમણા સેવવી નહીં જોઈએ.

જ્ઞાન અનંત છે તેનો પાર પામવો આપણા માટે શક્ય નથી. આપણે તો આપણા બુદ્ધિરૂપી પાત્રમાં જેટલું રહી શકે તેટલું ગ્રહણ કરી શકીએ તેમ છીએ માટે જ કાંઈ જ્ઞાન આપણે મેળવી શક્યા હોઈએ તેટલું આપણે પહેલા જીરવવા શીખવું જોઈએ. એકાદ કાવ્ય કે સૂત્ર આપણે ભણી જઈએ, તેથી તેનું સંપૂર્ણ જ્ઞાન આપણને થઈ ગયું છે, એમ માની લેવાની ઉતાવળ નહીં કરવી જોઈએ. કોઈ કાવ્ય આપણે ભણ્યા છતાં જેટલી વાર તે વાંચી જઈએ તેટલી વાર તેની અદ્‌ભુત રમ્યતા અને ખૂબી નવી જ જોવામાં આવે છે અને આપણા ભણતરમાં કોઈ આલંકારિક રસસિદ્ધિ જાણવામાં આવેલી ન હોય તેવી ખૂબી અને સૌન્દર્યની પ્રતિતિ આપણને થાય છે. આવી હોય છે જ્ઞાનની ગૂઢતા ! માટે જ આપણે નિત્ય વિદ્યાર્થી રહીને જ જ્ઞાનની ભૂખ જાગૃત રાખવી જોઈએ. હજુ આપણે જ્ઞાનક્ષેત્રમાં બાલ્યાવસ્થા ભોગવીએ છીએ એ ભૂલી જવું જોઈએ. જ્ઞાનમાં તો જેમ જેમ અવગાહન કરતા રહીએ તેમ તેમ નવા રત્નો હાથમાં આવતા જ રહે છે. જ્ઞાનનું અજીર્ણ થયું એટલે નક્કી સમજી રાખવું કે આપણે હજી રોગી છીએ. આપણા જ્ઞાનાવરણીય કર્મો કાયમ છે. તેનો અંત હજુ આવ્યો નથી. પારકાનું દૃષ્ટિબિંદુ નહીં સમજવાથી ઘણીવાર અનર્થની પરંપરા જન્મે છે, માટે જ ભગવંતનું જ્ઞાન અનેકાંતનું કહેવાય છે. નય એટલે દૃષ્ટિબિંદુ એ સમજવાથી જ કોઈની સાથે કલહનું કારણ રહેતું નથી અને સમન્વય સાધવાની શુદ્ધબુદ્ધિ જાગે છે. નદીઓ ભલે ઘણી હોય, ભિન્ન ભિન્ન દિશાઓ તરફથી આવતી હોય પણ આખરે બધી એક જ મહાસાગરમાં પોતાને અર્પણ કરી દે છે એ જાણી પરમતસહિષ્ણુતા, પોતાની અપૂર્ણતા અને જ્ઞાનનું અગાધપણું જાણી, આપણે નમ્ર થઈ જુદા નયોનો સમન્વય સાધવો જોઈએ. 'નમ્રભાવ એ જ્ઞાન વધારવાનું સાધન છે. અને જ્ઞાનનું અજીર્ણ એ વિતંડાવાદની નિશાની છે.' એ ધ્યાનમાં રાખી જ્ઞાનનો યથાશક્તિ આદર કરતા શીખવું જોઈએ.

નવપદારાધન માટે અતિ ઉપયોગી — સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)
નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત મુદ્દાસર સ્વરૂપ છતાં
મૂલ્ય માત્ર આઠ આના લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નમસ્કાર મહામંત્ર–મૌક્તિકમાલા

( ૬ )

લેખક : પૂ. પંન્યાસજી શ્રી સુશીલવિજયજી ગણિવર્ય

નવકાર—એ મંત્ર ત્રણે ય લોકનું ઉત્તમ 'પ્રશસ્ત આલંબન' અને સર્વોચ્ચ 'ભાવ આલંબન' છે. ૨૧૨

નવકાર—એ મંત્ર વિશ્વના નિખિલ જ્ઞાનોની 'સર્વોત્તમ બારાક્ષરી (બારાખડી)' છે. ૨૧૩

નવકાર—એ મંત્ર સકલ ધર્મક્રિયાઓનો 'રમ્ય નિષ્કર્ષ' છે. ૨૧૪

નવકાર—એ મંત્ર જગતના આત્માઓની સમસ્ત આત્મિક શક્તિઓને વિકસાવવા–ખીલવવા સારુ સંવર અને નિર્જરાના 'મુખ્ય અંગભૂત' છે. ૨૧૫

નવકાર—એ મંત્ર વિશ્વમાં આબાળગોપાળ સર્વ જીવોને એક સરખો 'પરમ ઉપયોગી' છે. ૨૧૬

નવકાર—એ મંત્ર સકલ દ્વાદશાંગીનું 'અત્યુત્તમ ઉપનિષદ્–રહસ્ય' છે. ૨૧૭

નવકાર—એ મંત્ર સમસ્ત જગતનો અજોડ 'વિજય ધ્વનિ' છે. ૨૧૮

નવકાર—એ મંત્ર આરાધક આત્માઓને જપવાનો 'મહાન્ જાપ' છે. ૨૧૯

નવકાર—એ મંત્ર શ્રી પંચપરમેષ્ઠી ભગવંતોના નામોની 'મનોહર સ્મૃતિ' છે. ૨૨૦

નવકાર—એ મંત્ર આરાધક આત્માઓને શ્રી પંચપરમેષ્ઠિમાં તન્મય–તદ્રૂપ થવાનું 'અનુપમ ધ્યાન' છે. ૨૨૧

નવકાર—એ મંત્ર આરાધક આત્માઓને પ્રતિદિન પઠન, પાઠન, શ્રવણ, પ્રતિપ્રશ્ન, સ્મરણ–મનન––ચિંતનાદિ કરવાનું 'પ્રધાન સ્તોત્ર' છે. ૨૨૨

નવકાર—એ મંત્ર જગતમાં સર્વ શરણદાયીને પણ 'અસાધારણ શરણરૂપ' છે. ૨૨૩

નવકાર—એ મંત્ર આલમમાં સમસ્ત ઉપકાર કરનારનો પણ 'અનુપમ ઉપકારક' છે. ૨૨૪

નવકાર—એ મંત્ર આરાધકને નરકગતિ ને તિર્યંચગતિ એ બંને ગતિનું સદંતર ભ્રમણ અટકાવનાર, અને સ્વર્ગાપવર્ગનાં દ્વાર ઉઘાડનાર 'સિદ્ધમંત્ર' છે. ૨૨૫

નવકાર—એ મંત્ર નવે રસોનું 'સુંદર આસ્વાદન' છે. ૨૨૬

નવકાર—એ મંત્ર વિશ્વની 'મહાન્ ફિલોસોફી' છે. ૨૨૭

નવકાર—એ મંત્ર ભવસમુદ્રમાં અથડાતા કર્મજળરૂપી તોફાની તરંગો–મોજાંઓને છિન્નભિન્ન કરી નાખનાર 'અજેય ખડક' છે. ૨૨૮

નવકાર—એ મંત્ર શિવવધૂને વરવાની 'અનુપમ વરમાળ' છે. ૨૨૯

નવકાર—એ મંત્ર ભવતીરે આવેલી મોક્ષનગરની 'સુંદર દીવાદાંડી' છે. ૨૩૦

નવકાર—એ મંત્ર ચારિત્રરૂપી રેલ્વેમાં સમ્યક્ત્વરૂપી ટિકીટ લઇને મુસાફરી કરનાર ભવ્યાત્માઓને શિવપુરી સ્ટેશને ઉતારી સિદ્ધસ્થાનમાં રહેલા સિદ્ધાત્માઓની સાથે સદા વસાવનાર અને અનંત સુખ અપાવનાર દેવ અધિષ્ઠિત 'દિવ્ય વસ્તુ' છે. ૨૩૧

નવકાર—એ મંત્ર જગતમાં અપમંગલને પણ મંગલ કરનાર, અપશુકનને પણ શુભશુકન બનાવનાર, પ્રતિકૂળને પણ અનુકૂળમાં મૂકનાર, ભક્ષકને પણ રક્ષક કરી નાખનાર, અશુભને પણ શુભમાં ફેરવનાર, નિરુત્સાહીને પણ સોત્સાહિત કરનાર, હિંસકને પણ અહિંસક બનાવનાર, અધર્મીને પણ ધર્મી કરનાર, નાસ્તિકને પણ આસ્તિક કરનાર,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુ:ખીને પણ સુખી કરનાર અને સહુના વાંછિતને પૂરનાર 'મહાન્ સિદ્ધયોગી' છે. ૨૩૨

નવકાર—એ મંત્ર સમસ્ત વિશ્વને ઉપકારી પ્રાણપ્રિય 'અણમોલ પ્રોપર્ટી' છે. ૨૩૩

નવકાર—એ મંત્ર જૈન દર્શનની-જૈનધર્મની સકલ આરાધનાઓરૂપી સ્ટીમરો ને વહાણોને આવવાનું 'અજોડ બંદર' છે. ૨૩૪

નવકાર-એ મંત્ર ત્રણેય લોકમાં એકાંતિક અને આત્યંતિક 'અત્યુત્તમ મંગલ' છે. ૨૩૫

નવકાર—એ મંત્ર વિશ્વમાં સમસ્ત ઇષ્ટ વસ્તુનો 'સર્વોત્તમ સમાગમ' છે. ૨૩૬

નવકાર—એ મંત્ર લૌકિક અને લોકોત્તર ઉભય વસ્તુનું આકર્ષણ ને વશીકરણ કરનાર 'અલૌકિક' છે. ૨૩૭

નવકાર—એ મંત્ર સુવર્ણસિદ્ધિ, રૂપસિદ્ધિ, રસસિદ્ધિ અને આકાશગામિની વિદ્યા વગેરેને પ્રાપ્ત કરાવનાર 'અદ્વિતીય જડીબુટ્ટી' છે. ૨૩૮

નવકાર—એ મંત્ર ત્રણેય લોકના સકલ પ્રાણીઓને યાત્રા કરવાનું 'પવિત્ર અલૌકિક તીર્થધામ' છે. ૨૩૯

નવકાર—એ મંત્ર પોતાનો આશ્રય લેનાર ત્રણેય લોકમાંથી કોઇ પણ પ્રાણી હોય, 'તેનાં સમસ્ત પાપોનો-દુ:ખોનો સમૂલ સર્વથા વિનાશ કરવો અને તેને સર્વદા સુખી કરી દેવો' એવી 'સુદૃઢ ભીષ્મ પ્રતિજ્ઞાવંત' છે. ૨૪૦

નવકાર—એ મંત્ર ત્રણેય લોકના આરાધક આત્માઓની આત્મરક્ષા કરનાર 'અભેદ્ય વજ્રપંજર' છે. ૨૪૧

નવકાર—એ મંત્ર જગતના સમસ્ત જીવોને ત્રણેય કાલના બાર ગુણયુક્ત શ્રી અરિહંત ભગવંતોને, આઠ ગુણયુક્ત શ્રી સિદ્ધ ભગવંતોને, છત્રીશ ગુણયુક્ત શ્રી આચાર્ય મહારાજોને, પચીસ ગુણયુક્ત શ્રી ઉપાધ્યાયજી મહારાજોને, અને સત્તાવીશ ગુણયુક્ત શ્રી સાધુ મહારાજોને અહર્નિશ ક્ષણે ક્ષણે નમસ્કાર અને વંદન કરવા લાયક તથા તેઓના નિખિલ ગુણોનું સ્મરણ, ચિંતન અને મનન કરવા લાયક મહાપ્રભાવિક મનોવાંછિત ફળદાયક મહામંગલસ્વરૂપ સર્વત્ર વ્યાપક 'મહાન્ આગમમંત્રસૂત્ર' છે. ૨૪૨

નવકાર—એ મંત્ર સકલ કામનાઓનો 'પૂર્ણ પૂરક' છે. ૨૪૩

નવકાર—એ મંત્ર ધર્મ કલ્પતરુવરના મૂળનો 'મહાન સિંચક' છે. ૨૪૪

નવકાર—એ મંત્ર ધર્મપ્રાસાદનો 'મજબૂત પાયો' છે. ૨૪૫

નવકાર—એ મંત્ર ધર્મનગરમાં પ્રવેશ કરવાનું 'સુંદર દ્વાર' છે. ૨૪૬

નવકાર—એ મંત્ર ધર્મગણિતશાસ્ત્રનો 'અદ્વિતીય એકડો' છે. ૨૪૭

નવકાર—એ મંત્ર વિશ્વનો 'મહાન્ ધર્મ' છે. ૨૪૮

નવકાર—એ મંત્ર ધર્માત્માઓનું 'આંતરિક અત્યુત્તમ ધન' છે. ૨૪૯

નવકાર—એ મંત્ર શબ્દરચનાથી 'અત્યંત સ્પષ્ટ' ને 'શુદ્ધ' તથા અર્થથી 'અતિ સરળ' ને 'ગંભીર' છે. ૨૫૦

નવકાર—એ મંત્ર મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ, યોગશાસ્ત્રની દૃષ્ટિએ, ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ, દ્રવ્યાનુયોગની દૃષ્ટિએ, ગણિતાનુયોગની દૃષ્ટિએ, ચરણકરણાનુયોગની દૃષ્ટિએ, ધર્મકથાનુયોગની દૃષ્ટિએ, ચરાચર વિશ્વની દૃષ્ટિએ, ચતુર્વિધ સંઘની દૃષ્ટિએ, વ્યક્તિગત ઉન્નતિની દૃષ્ટિએ, સમષ્ટિગત ઉન્નતિની દૃષ્ટિએ, ઇષ્ટસિદ્ધિની દૃષ્ટિએ, અનિષ્ટ નિવારણની દૃષ્ટિએ, કર્મની દૃષ્ટિએ, આગમની દૃષ્ટિએ, વ્યવહારની દૃષ્ટિએ, નિશ્ચયની દૃષ્ટિએ, ઐહિકદૃષ્ટિએ અને પરલોકની દૃષ્ટિએ 'અત્યંત હિતકારક' છે. ૨૫૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવકાર—એ મંત્ર આત્માની અસમાધિ અને અશાંતિને સદંતર અદૃશ્ય કરવાને ' અમોઘ ઉપાય ' છે. ૨૫૨

નવકાર—એ મંત્ર ધાર્મિક અભ્યાસ કરવાનું ' આદ્ય મંત્ર સૂત્ર ' છે. ૨૫૩

નવકાર—એ મંત્ર ઉપધાન વાહકોને ઉપધાનમાં પ્રથમ અઢારીયામાં ગુરુ ભગવંત પાસેથી લેવાની ' પ્રથમ વાંચના ' છે. ૨૫૪

નવકાર—એ મંત્ર આરાધક આત્માઓને આરાધના કરવાનો ' બાહ્ય અભ્યંતર તપ ' છે. ૨૫૫

નવકાર—એ મંત્ર ' શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ ' છે. ૨૫૩

નવકાર—એ મંત્ર આગમના નિખિલ શાસ્ત્રોનું ' અનુપમ નવનીત ' છે. ૨૫૭

નવકાર—એ મંત્ર વિશ્વમાં વિશુદ્ધ સર્વ ધર્મ ભાવનાઓનો ' મહામૂલસ્રોત ' છે. ૨૫૮

નવકાર—એ મંત્ર સમસ્ત વિશ્વના મંત્ર, તંત્ર અને યંત્ર એ સર્વના કરતાં પણ ' અધિક મહિમાવંત ' છે. ૨૫૯

નવકાર—એ મંત્ર સકલ સમીહિત પદાર્થોનો ' અપૂર્વ પ્રાપક ' છે. ૨૬૦

નવકાર—એ મંત્ર આરાધક આત્માઓને હૃદયમાં અથવા ચિત્રપટમાં નવકારના નવપદને સ્થાપિત કરવાનું ' અષ્ટદળ કમળ ' છે. ૨૬૧

નવકાર—એ મંત્ર શત્રુને મિત્ર, ચોરને રક્ષક, તાલપુટ ઝેરને અમૃત, પ્રતિકૂળ ગ્રહને અનુકૂળ ગ્રહ, અપશુકનને શુકન, સર્પને પુષ્પની માળા, વીંછીને સોનામહોર, શબને સુવર્ણ પુરુષ, અગ્નિકુંડને જળનું સરોવર, વહ્નિને શીતળ, હિંસકને અહિંસક, સિંહને શિયાળવત્ અને હાથીને મૃગ કિશોર જેમ બનાવનાર ' સિદ્ધયોગી ' છે. ૨૬૨

નવકાર—એ મંત્ર ત્રણ લાખ બાસઠ હજાર આઠસો ને એંશી ( ૩૬૨૮૮૦ ) ' ભંગ-ભાંગારૂપ ' છે. ૨૬૩

નવકાર—એ મંત્ર ભવ્યાત્માના જ્ઞાનાવરણીયાદિ આઠ મૂળ કર્મ અને તેની ઉત્તર એકસો ને અઠ્ઠાવન ( ૧૫૮ ) પ્રકૃતિ, એ સર્વેનો સંયમ દ્વારા સર્વથા વિનાશક અને સિદ્ધના આઠ ગુણનો સમર્પક છે. ૨૬૪

નવકાર—એ મંત્ર મોક્ષના શાશ્વતા અનંત સુખનો, દેવલોકના દિવ્ય સુખનો અને મૃત્યુલોકની અપરંપાર ઋદ્ધિ-સિદ્ધિ આદિનો દાતાર ' અદ્વિતીય દાનવીર ' છે. ૨૬૫

## વિભાગ–બીજો

નવકાર—એ મંત્રમાં આવતા ' नमो ' એ પદના ધ્યાનથી પહેલી ' અણિમાસિદ્ધિ 'ની પ્રાપ્તિ થાય છે. ૨૬૬

નવકાર—એ મંત્રમાં આવતા ' अरिहंताणं ' એ પદના ધ્યાનથી બીજી ' મહિમાસિદ્ધિ 'ની પ્રાપ્તિ થાય છે. ૨૬૭

નવકાર—એ મંત્રમાં આવતા ' सिद्धाण ' એ પદના ધ્યાનથી ત્રીજી ' ગરિમાસિદ્ધિ 'ની પ્રાપ્તિ થાય છે. ૨૬૮

નવકાર—એ મંત્રમાં આવતા ' आयरियाणं ' એ પદના ધ્યાનથી ચોથી ' લઘિમાસિદ્ધિ 'ની પ્રાપ્તિ થાય છે. ૨૬૯

નવકાર—એ મંત્રમાં આવતા ' उवज्झायाणं ' એ પદના ધ્યાનથી પાંચમી ' પ્રાપ્તિસિદ્ધિ 'ની પ્રાપ્તિ થાય છે. ૨૭૦

નવકાર—એ મંત્રમાં આવતા ' सव्वसाहूणं ' એ પદના ધ્યાનથી છઠ્ઠી ' પ્રાકામ્યસિદ્ધિ 'ની પ્રાપ્તિ થાય છે. ૨૭૧

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# महिमाप्रभुसूरिरचित रति-रहस्य टीका

( श्री अगरचन्द नाहटा-बीकानेर )

जैन विद्वानों ने साहित्य निर्माण और संरक्षण में बहुत महत्वपूर्ण भाग लिया है। प्राय: प्रत्येक विषय और भाषा में जैन विद्वानों की रचनाएं मिलती हैं। जैनेतर रचनाओं की भी नकलें करके और उन पर टीकाएं लिखकर उन्होंने अपने ज्ञानभंडारों में सुरक्षित रखीं और उनके प्रचार में हाथ बंटाया। मध्यकाल में जब जैन मुनियों में शिथिलाचारने प्रवेश किया तो उन्होंसे कई विषय, जो उनके शास्त्रानुसार पठनपाठन योग्य थे व आचारपालन में बाधक थे उन्हें भी उन्होंने अपना लिया। जैसे वैद्यक अर्थात् चिकित्सा करना जैन मुनियों के आचार के विरुद्ध है पर जैन यतियोंने लोकोपकार के लिए इसे खूब अपनाया।

जैन धर्म निवृत्तिप्रधान है। उसमें भोग-विलास त्याग कर त्याग मार्ग अपनाने के लिए विशेष जोर दिया है। शृंगार रस, जो कि मनुष्य की कामवासना को प्रज्वलित करता है, उसका पोषण जैन साहित्य में नहीं हो सका। फिर भी कुछ रचनाएं शृंगारिक एवं कामशास्त्र संबंधी भी जैन विद्वानों की प्राप्त हुइ हैं क्योंकि आखिर मानव स्वभाव की कमजोरी पर पूर्ण विजय प्राप्त करना बडा ही कठिन है। २॥ हजार वर्षो में लक्षाधिक जैन मुनि हुए है उन सभी की वृत्ति एक समान नहीं हो सकती। यौवनावस्था और आसपास के वातावरण का प्रभाव भी मनुष्य पर पडता ही है। इसलिए दो चार रचनाएं कामशास्त्र संबंधी भी जैन विद्वानोंने बनाई हों तो इसमें कोई विचार की बात नहीं रहती। प्रो. हीरालाल रसिकलाल कापडिया का 'जैन संस्कृत अने इतिहास' खंड १ प्रकाशित हुआ है उसका ९वां प्रकरण काम-शास्त्र संबंधी जैन रचनाओं का परिचय देने के लिए है। उसमें उन्होंने वायडगच्छीय जिनदत्तसूरि के विवेक-विलास पांचवे उल्लास के श्लोक १३८ से १९८ में तथा जिनसूरिकृत प्रियंकर नृप कथा के अन्तर्गत कमल श्रेष्ठि कथा में और कई काव्य एवं काव्यशास्त्रों में कामशास्त्रीय विवेचन होने का उल्लेख किया है। स्वतंत्र कृतियों के रूप में कंदर्पचूडामणि का परिचय दिया है। पर उन्होंने इस रचना को जैन होने की जो शंका उठाई है वह वास्तव में सही ही है। उसका रचयिता वीरभद्र जैन नहीं है। अन्य दो रचनाओं के नाम भी उन्होंने दिए हैं। जिनमें काम-प्रदीप के कर्ता गुणाकर के संबंध में विशेष परिचय की आवश्यक्ता है क्योंकि एक श्वेताम्बर गुणाकर अवश्य हुए है। काम-प्रदीप में वैसा कुछ उल्लेख न हो तो उसे जैन रचना नहीं कहा जा सकता। दूसरी रचना 'कोकप्रकाशसार' को अज्ञातकर्तृक बताते हुए उसकी प्रति 'भंडारकर इन्स्टीटयूट' में होने का उल्लेख किया है। पर उसको जैन बतलाने का आधार क्या है? इसका



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



निर्देश नहीं किया है। केवल जैन विद्वान के लिखी हुई प्रति होने से ही उसे जैन नहीं मानना चाहिये। हां, यदि उसके मंगलाचरण में जैन तीर्थंकर आदि को नमस्कार किया गया हो या ऐसा कुछ उल्लेख हो जो जैन के द्वारा ही किया जा सकता हो, तो कृति को देखकर वैसे उल्लेख को प्रकाश में लाना चाहिये।

अभी तक कामशास्त्र संबंधी जैन रचनाओं में संवत् १६५३में नर्वदाचार्य रचित 'कोकशास्त्र चौपाई' ही निर्विवाद रूपसे जैन रचना है। पर मुझे अभी एक और कामशास्त्रीय जैनेतर ग्रन्थ पर जैनाचार्य की बनाई हुई टीका की प्रति प्राप्त हुई है जो मुनि जिनविजय के संग्रह में थी और अब भारतीय विद्याभवन, बम्बई में उनके नाम से जो हस्तलिखित प्रतियों का संग्रह है, उसके नम्बर ७०७ में सुरक्षित है। 'रतिरहस्य' नामक कामशास्त्र के प्रसिद्ध ग्रंथ की यह 'सुखबोधिका' टीका, ललितप्रभसूरि के पट्टधर विनयप्रभुसूरि के पट्टधर महिमाप्रभुसूरिने बनाई है। प्राप्त प्रति, आदि अन्त दोंनो से रहित है। प्रारम्भ के पत्र कोई इधरउधर हो गये होंगे और अन्त में भी आठवें परिच्छेद की समाप्ति के बाद ८ श्लोकों की व्याख्या तक की प्रति लिखी हुई है उसके बाद लिखते हुए छोड दी गई है। कुल ५८ पत्र है। छोटी पुस्तक के आकार में लिखी हुई है। प्रति पृष्ठ पंक्ति १५–१६ और प्रति पंक्ति अक्षर करीब १५ हैं। टीका में अनंगरंग नामक कामशास्त्रीय ग्रंथ का उल्लेख कई जगह हुआ है और कहीं कहीं उसके श्लोक भी उध्धृत किये गये हैं। रतिरहस्य के परिच्छेद ६–७–८ की समाप्ति पर जो प्रशस्ति लिखी हुई है उसे नीचे दिया जा रहा है।

१. "इति श्रीमद् भट्टारक ललितप्रभुसूरि पट्ट सुमेरुनंदन बनायमान सज्ञान, सत्संघ द्रुम श्रेणिशोभित भूप्रदेश नत नरेश श्रीमद् विनयप्रभुसूरि पट्टरक्षक वादिवृन्दद्विरद सिंघायमान सद्दान ज्ञान वियतीन्द्रिय यतीन्द्र विरचितायाम रतिरहस्य टीका सुखबोधिकायाम पृष्ठमें परिच्छेदः समाप्तमगमत् ॥ ६ ॥

२. इति श्रीमद भट्टारक ललितप्रभुसूरीश्वर-पट्टपाथोधि विधि सिद्धि रिधि स्थिति श्रीमद् भट्टारक वृन्दारक वृन्द वन्ध्या नवद्वय सत् विनय विनयप्रभुसूरिणा धूरीणा घट्ट पट्ट रत्नद्वीप गतप्रतीप रमणीय चिंतामणीय मान सम्मान श्रीमद् भट्टारक महिमाप्रभुसूरि विरचितायां रतिरहस्यटीकायाम् सुखबोधिकाख्यायां नाम सप्तम. परिच्छेदः समाप्तः ॥ ७ ॥

३. इति श्रीमद् भट्टारक ललितप्रभुसूरि गण-रीति रमणी रमणीय हारायमान सन्मान भट्टारक श्री विनयप्रभुसूरि पट्ट मणीयमान सद्ध्यानैकताम युगप्रधान भट्टारक श्रीमहिमाप्रभुसूरि-विरचितायां रतिरहस्यटीकायाम् सुखबोधिकायाम् भार्याधिकारो नामा अष्टमः परिच्छेदः समाप्तः ॥८॥

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨–૦–૦ લખો :—શ્રી જૈન ધ. પ્ર. સ.–ભાવનગર

For Private And Personal Use Only

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક—સાર્થ

: ( ૨૯ ) :

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦—(૧૧૮) સાધુ અને શ્રાવકે કેટલાની સાક્ષીએ પચ્ચખાણ કરવું ?

ઉ૦—આત્મસાક્ષીએ, દેવસાક્ષીએ અને ગુરુસાક્ષીએ પચ્ચખાણ કરવું. પ્રથમ આત્મસાક્ષીએ, પછી દેવસાક્ષીએ, પછી ગુરુસાક્ષીએ કરવું તેમ યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં કહ્યું છે-'ततो गुरूणामभ्यर्णे प्रतिपत्तिपुरस्सरं ॥ विदधीत विशुद्धात्मा प्रत्याख्यानप्रकाशनम्' **ભાવાર્થ**-ત્યારપછી નિર્મલ ચિત્તવાળો વંદનપૂર્વક ગુરુ પાસે પચ્ચખાણ કરે ॥ ૧૧૮ ॥

પ્ર૦—(૧૧૯) છદ્‌મસ્થ સાધુઓ પડિલેહણ કરે છે પરંતુ કેવલીયો પડિલેહણા કરે કે નહિ ?

ઉ૦—જો વસ્ત્રાદિ જીવસંસક્ત જણાય તો કેવલીયો પ્રતિલેખના કરે છે, તે સિવાય નહિ. છદ્‌મસ્થને તો વસ્ત્રપાત્રાદ જીવસંસક્ત હોય કે ન હોય પરંતુ પ્રતિલેખના અવશ્ય બે વાર કરવી જોઇએ. ઓઘનિર્યુક્તિમાં શ્રી ભદ્રબાહુસ્વામી કહે છે કે-

पाणीहिं संसत्ता पडिलेहा हुंति केवलीणं तु ॥
संसत्तमसंसत्ता छउमत्थाण तु पडिलेहा ॥ १ ॥

**ભાવાર્થ**-વસ્ત્રને જીવાત લાગેલ હોય તો કેવલીયો પડિલેહણ કરે છે અને છદ્‌મસ્થને તો જીવાત લાગેલ હોય કે ન હોય તો પણ પડિલેહણા કરવી જ જોઇએ ॥ ૧૧૯ ॥

પ્ર૦—(૧૨૦) આધુનિક કેટલાક લિંગીયો-નિહ્નવો હંમેશા દોરાવડે મુખે મુખવસ્ત્રિકાને બાંધી રાખે છે તે જિનાજ્ઞાનુસારી છે કે વિરુદ્ધ ?

ઉ૦—આ જિનાજ્ઞાવિરુદ્ધ જ જણાય છે, કોઇ પણ સૂત્રમાં આ વિધિ કહેલ નથી. વલી શાસ્ત્રમાં જ્યાં મુખવસ્ત્રિકાનો અધિકાર છે ત્યાં કોઇ પણ સ્થળે દોરાનું નામ નથી, તથા સુધર્મસ્વામીથી આરંભીને અવિચ્છિન્ન પરંપરાવડે કોઈ પણ ધર્મગચ્છને વિશે દોરાવડે મુખવસ્ત્રિકા બાંધવાનું દેખાતું નથી, આ કારણથી દોરાવડે મુહપત્તિ બાંધવી, એ જિનાગમ અને સુવિહિત આચરણથી વિરુદ્ધ જ છે, બીજું ગણધરાદિકે પણ યથાવસરે મુખે મુહપત્તિ બાંધી હતી, હંમેશા નહિ. જો હંમેશા બાંધી રાખતા હોય તો શ્રી વિપાક સૂત્રનો પાઠ અસંગત થઇ જાય. અગીયારમાં અંગ વિપાક સૂત્રનો પાઠ જણાવે છે કે-

'तएणं सा मियादेवी तं कट्ठसगडियं अणुकड्ढमाणी जेणेव भूमिघरए तेणेव उवागच्छइ उवागच्छइत्तो चउप्पुडेण वत्थेणं मुहं बंधमाणी, भगवं गोयमा एवं वयासी तुब्भेविणं भंते मुहपोत्तियाए मुहं बंधह, तएणं से भगवं गोयमा मियादेवीए एवं वुत्ते समाणे मुहपोत्तियाए मुहं बंधइत्ति'

**ભાવાર્થ**-ત્યારપછી મૃગાવતીદેવી તે કાષ્ઠની સગડીને ખેંચતી જ્યાં ભોંયરું છે ત્યાં આવે છે, આવીને ચારપડા મુખ વસ્ત્રવડે બાંધતી ભગવાન્ ગૌતમસ્વામીને કહે છે કે-હે ભગવંત, તમે પણ મુહપત્તિવડે મુખ બાંધો, ત્યારપછી ભગવાન્ ગૌતમસ્વામી મુહપત્તિવડે મુખ બાંધે છે. આ પાઠથી હંમેશા મુખવસ્ત્રિકાવડે મુખ બાંધનારા લિંગીયો સૂત્રના ઉત્થાપક હોવાથી મહામિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્‌દૃષ્ટિ જીવોને અદ્રષ્ટવ્ય મુખવાળા જાણવા. આગમમાં કહ્યું છે કે जे जिणवयणुत्तिण्णं वयणं भासंति अहव मन्नंति ॥
सम्मदिट्ठीणं तद्दंसणंपि संसारवुड्ढिकरं ॥ १ ॥

**ભાવાર્થ**-જેઓ જિનવચનથી વિરુદ્ધ વચન બોલે છે અને તે પ્રમાણે માને છે તેમનું દર્શન પણ સમ્યગ્‌દૃષ્ટિને સંસારવર્ધક છે. ॥ ૧૨૦ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦—**(૧૨૧) સાધુને દિવસે સૂવાનો શાસ્ત્રમાં નિષેધ કરેલ હોવાથી દૈવસિક પ્રતિક્રમણમાં 'इच्छामि पडिक्कमिउं पगामसिज्झाए' ઇત્યાદિ સૂત્રવડે દિવસે સૂવાના અતિચારનું પ્રતિક્રમણ શી રીતે સંગત ગણાય, તથા રાત્રિમાં ગોચરી જવાનો અસંભવ હોવાથી રાત્રિના પ્રતિક્રમણમાં 'पडिक्कमामि गोयरचरियाए' ઈત્યાદિ સૂત્રવડે તદ્‌વિષયક અતિચારનું પ્રતિક્રમણ શી રીતે ઘટી શકે ?

**ઉ૦—**ઉત્સર્ગપદે દિવસે સૂવાનો નિષેધ છતાં, અપવાદપદે રસ્તામાં ચાલતા થાક લાગ્યો હોય તો સૂવાનો નિષેધ નથી માટે અદોષ છે, અહીં આ વિષયમાં આ સૂત્ર જ આ અર્થનો જ્ઞાયક જાણવો. સાધુપ્રતિક્રમણ સૂત્રની અવચૂરીમાં કહ્યું છે કે 'दिवा शयनस्य निषिद्धत्वात् असंभव एव अस्याऽतिचारस्य, न अपवादविषयत्वात् अस्य, तथाहि–अपवादतः सुप्यते एव साध्वखेदादौ इदमेव ज्ञायकमिति' एवं आवश्यकबृहद्‌वृत्तावपि ज्ञेयम्' **ભાવાર્થ–શંકા**–દિવસે સૂવાનો નિષેધ હોવાથી આ અતિચારનો અસંભવ જ છે. **સમાધાન**–આ સૂત્ર અપવાદ વિષયક પણ હોવાથી એકાન્તે દિવસે સૂવાનો નિષેધ નથી, અપવાદપદે રસ્તામાં ચાલતા થાક લાગ્યો હોય તો દિવસે પણ સૂવે જ, આ સૂત્ર જ આ અર્થને જણાવનાર છે, એ પ્રમાણે આવશ્યક બૃહદ્‌વૃત્તિમાં પણ જાણવું. રાત્રિમાં ગોચરીનો અસંભવ છતાં પણ સ્વપ્નાદિમાં તેનો સંભવ હોવાથી રાત્રિ પ્રતિક્રમણમાં પણ ગોચરીના અતિચારનું પ્રતિક્રમણ યોગ્ય જ છે, એમાં કોઇ દોષ નથી. શ્રી પ્રતિક્રમણ સૂત્ર અવચૂર્ણિમાં કહ્યું છે કે–**શંકા**–रात्रिकप्रतिक्रमणे 'इच्छामि पडिक्कमिउ गोयरचरियाए' ઇત્યાદિ સૂત્ર નિરર્થક છે रात्रौ अस्या असंभवात् રાત્રિમાં ગોચરીમાં અસંભવ છે, **સમાધાન**–स्वप्नादौ संभवादित्यदोष સ્વપ્નાદિમાં ગોચરીનો સંભવ છે માટે દોષ નથી इति चूर्णिप्रान्ते ॥ १२१ ॥

**પ્ર૦—**(૧૨૨) કેવળજ્ઞાની સાધુ મોક્ષે જતા ચઉદમા ગુણસ્થાનકના અંતિમ સમયે જે કર્મપુદ્‌ગલોની નિર્જરા કરે છે, તે પરમાણુ પુદ્‌ગલો કર્મના સ્વભાવથી મુક્ત થયેલા કેટલા ક્ષેત્રને સ્પર્શ કરે છે ?

**ઉ૦—**તે પુદ્‌ગલો સર્વલોકને સ્પર્શ કરે છે ? આ વાત પન્નવણા સૂત્રમાં ઇન્દ્રિય પદના પહેલા ઉદ્દેશામાં કહેલ છે, તે પાઠ આ પ્રમાણે—'अणगारस्स णं भंते भावियप्पणो मारणंतिय समुग्घाएणं समोहयस्स जे चरिमा निज्जरा पोग्गला सुहुमा णं ते पोग्गला पण्णत्ता समणाउसो सव्वं लोगं पि य णं ते ओगाहित्त णं, ते चिट्ठंति, हंता गोयमा' વગેરે. **ભાવાર્થ**–હે ભગવંત, મારણાંતિક સમુદ્‌ઘાતવડે પ્રયત્નવાલા ભાવિતાત્મા એટલે જ્ઞાન-દર્શનાદિ ગુણોવડે સ્પર્શાયેલા મુનિના શૈલેશીકાલમાં અંત્યસમયે થનારા નિર્જરાના પુદ્‌ગલો, કર્મભાવથી રહિત થએલા પરમાણુઓને આપે નિશ્ચિત સૂક્ષ્મ ચક્ષુઆદિ ઇન્દ્રિયના અવિષયભૂત કહેલા છે ! આ પ્રમાણે ગૌતમસ્વામી મહારાજ પ્રશ્ન કરે છતે ભગવાન્ કહે છે કે 'હંતા ગોયમા ! હે આયુષ્મન્ શ્રમણ તથા આ પ્રમાણે નિશ્ચિત છે કે તે પુદ્‌ગલ સૂક્ષ્મ છે અને સર્વલોકને સ્પર્શીને રહે છે.' **શંકા**–આ પુદ્‌ગલોને છદ્મસ્થ જીવ જાણે અને દેખે કે નહિ ? **સમાધાન**–આ પુદ્‌ગલોને કેવલી ભગવાન્ સર્વ પોતાના શરીરગત આત્મપ્રદેશોવડે જાણે અને દેખે છે, વિશિષ્ટ અવધિજ્ઞાન રહિત છદ્મસ્થ જીવ ન જાણે અને ન દેખે, કોઈ દેવ પણ ન જાણે અને ન દેખે, તો પછી મનુષ્ય શી રીતે જાણે અને દેખે ? ઈત્યાદિ અધિકાર પન્નવણા સૂત્રથી જાણવો ॥૧૨૨॥

**પ્ર૦—**(૧૨૩) આરિસો જોનાર માણસ શું આરિસો જુએ છે કે પોતાનું શરીર જુએ છે કે શરીરનું પ્રતિબિંબ જુએ છે ?

**ઉ૦—**આરિસો જોનાર માણસ આરિસો તો જુએ છે ને તેની આગળ રહેલ છે તે દર્પણમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના શરીરને દેખતો નથી, કારણ કે પોતાનું શરીર પોતાના આત્માને વિષે રહેલ છે, દર્પણમાં નથી. પોતાના શરીરના પ્રતિબિંબને જુએ છે તે છાયાના પુદ્‌ગલરૂપ છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે 'आयंसो पहमाणो' દર્પણને જોનાર મનુષ્ય શું દર્પણને દેખે છે કે શરીરના પ્રતિબિંબને દેખે છે? भगवान् आह-ભગવાન કહે છે કે, દર્પણને તો જુએ જ છે, તેનો સ્ફુટરૂપ યથાવસ્થિતપણે તેણે જાણેલ છે, પોતાના શરીરને દેખતો નથી, તેમાં તેનો અભાવ છે, પોતાનું શરીર પોતાના આત્માને વિષે રહેલ છે, દર્પણમાં નથી તેથી તેમાં શી રીતે જુએ? 'पलिभागमिति' પોતાના શરીરના પ્રતિબિંબને જુએ છે. શંકા-પ્રતિબિંબ એ શું છે? છાયાના પુદ્‌ગલો છે. સર્વ ઐંદ્રિય વસ્તુ સ્થૂલ બાદર છે. चयापचयधर्मकं વૃદ્ધિહાનિના ધર્મવાળી છે, छायापुद्गला व्यवह्रियंते છાયાનો પુદ્‌ગલરૂપે વ્યવહાર થાય છે તે છાયાના પુદ્‌ગલો પ્રત્યક્ષ સિદ્ધ છે, દરેક સ્થૂલ વસ્તુની છાયાની પ્રત્યેક પ્રાણીને પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે. ॥ ૧૨૩ ॥

**પ્ર૦**—(૧૨૪) કંબલાદિ વસ્ત્ર અતિશય મજબૂત વીંટ્યો હોય અને જેટલા આકાશપ્રદેશને અવગાહે કે સ્પર્શ કરે છે, તે વસ્ત્ર પાછું છૂટું કરાયલું હોય ત્યારે તેટલા જ આકાશપ્રદેશને સ્પર્શ કરે કે ન્યૂનાધિક?

**ઉ૦**—વિંટાયલું કે છૂટું કરાયલું તે વસ્ત્ર બંને રીતે સરખા આકાશપ્રદેશને સ્પર્શ કરે છે; ન્યૂનાધિક એટલેઓ છાવત્તા નહીં. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં ઇન્દ્રિય પદના પહેલા ઉદ્દેશામાં 'कंबलसाडएणं भंते' इत्यादि कम्बलशाटक आवेष्टितः परवेष्टितः गाढतरं संवेल्लितः सन् यावत् आकाशप्रदेशान् अवगाह्य तिष्ठति 'विरल्लिएवीति' विरलीकृतोऽपि तावदेव आकाशप्रदेशान् स्पृष्ट्वा तिष्ठति 'भगवान् आह हंता गोयमा, इत्यादि केवलं घनप्रतरमात्रकृतो विशेषः प्रदेशसंख्या तु उभयत्रापि तुल्येतादि' આનો અર્થ ઉપર આવી ગએલ છે. ॥ ૧૨૩ ॥

**પ્ર૦**—'अचित्तजोणिसुरनिरय' આ વચનથી દેવ અને નારકોની સૂત્રમાં અચિત્તયોનિ કહેલ છે તે શી રીતે ઘટે છે? કેમકે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સર્વલોકમાં વ્યાપીને રહેલા છે એમ સૂત્રમાં કહેલ છે.

**ઉ૦**—સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સર્વલોકમાં વ્યાપીને રહેલા છે તો પણ તેમના પ્રદેશોવડે દેવ, નારકના ઉપપાતસ્થાનના પુદ્‌ગલો પરસ્પર મળવાવડે કરીને સંબદ્ધ થયા નથી તેથી તેઓની અચિત્ત જ યોનિ છે, એમાં કોઈ દોષ નથી. શ્રી પ્રજ્ઞાપના સૂત્રના નવમા પદમાં કહ્યું છે કે-यद्यपि च सूक्ष्मैकेन्द्रियाः सकललोकव्यापिनस्तथापि न तत्प्रदेशैरुपपातस्थानपुद्गला अन्योन्यानुगमेन संबद्धा इति अचित्ता एव तेषां योनिरिति, एवं संग्रहणीवृत्तावपि बोध्यम्, श्रीभगवतीवृत्तौ दशमशतके द्वितीयोद्देशकेऽप्युक्तं-तथाहि 'सत्यपि एकेन्द्रियसूक्ष्मजीवनिकायसंभवे नारकदेवानां यत् उपपातक्षेत्रं तत् न केनचित् जीवेन परिगृहीतमिति, अचिता तेषां योनिरिति' **ભાવાર્થ**-જો કે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સકલ લોકવ્યાપી છે તો પણ તેમના પ્રદેશો માટે દેવ, નારકના ઉપપાતસ્થાનના પુદ્‌ગલો પરસ્પર મળવાવડે સંબદ્ધ નથી; માટે તેઓની અચિત્ત જ યોનિ છે. એ પ્રમાણે સંગ્રહણીની ટીકામાં પણ જાણવું. શ્રી ભગવતી સૂત્રની ટીકામાં દસમા શતકના બીજા ઉદ્દેશમાં પણ કહ્યું છે કે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવનિકાય સંભવે છે તો પણ દેવ અને નારકનું જે ઉપપાતક્ષેત્ર છે તે કોઈ જીવે ગ્રહણ કરેલું નથી તેથી તેઓની યોનિ અચિત્ત છે. ॥ ૧૨૫ ॥

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લુધીયાના અધિવેશને પસાર કરેલા ઠરાવો

## ઠરાવ ૧ : જુદા જુદા જૈન સંપ્રદાયની એકતા

કોઈ પણ સંપ્રદાય કે ગચ્છ સાથે સંબંધ ધરાવતો દરેક જૈન ભગવાન મહાવીરને શાસનનાયક માને છે, તીર્થંકરોની વાણીમાં પૂરી શ્રદ્ધા ધરાવે છે અને જૈન દર્શનની માન્યતાઓની સત્યતા અને અખંડતાનો સ્વીકાર કરે છે. આવી સ્થિતિમાં, એ ખેદ ઉપજાવે એવી વાત છે કે, અહિંસા તથા સ્યાદ્વાદ જેવા અમૂલ્ય સિદ્ધાંતોમાં આસ્થા ધરાવતા જૈનો અનેક નાની નાની, ઉપેક્ષા કરવા યોગ્ય બાબતોને લઈને આપસ આપસમાં મતભેદોનો વધારો કરી રહ્યા છે. યુગની માંગ છે કે આપણે સૌ આસપાસના મનદુ:ખ અને ભેદભાવને દૂર કરીને જૈન શાસનની છત્રછાયા નીચે એકત્રિત બનીએ.

પંજાબકેસરી, યુગવીર, જૈનાચાર્ય સ્વર્ગસ્થ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીએ, પોતાની જિંદગીનાં છેલ્લાં વર્ષો દરમ્યાન, જૈનોના સંગઠન ઉપર ભાર આપ્યો હતો, અને એવી કામના પ્રગટ કરી હતી કે, "મારો આત્મા એમ જ ઇચ્છે છે કે સાંપ્રદાયિક્તાને દૂર કરીને જૈન સમાજ શ્રી મહાવીરના ઝંડા નીચે એકત્રિત થઈને શ્રી મહાવીરની જય બોલે."

કોન્ફરન્સ આ ભાવનાને મૂર્તરૂપ આપવાનો પ્રયત્ન કરશે. જૈન સંપ્રદાયોની અખિલ ભારતીય પ્રતિનિધિ સંસ્થાઓને કોન્ફરન્સ આગ્રહપૂર્વક નિવેદન કરે છે કે આપણે સંગઠિત બનીને જૈન ઉત્સવો ઊજવીએ, જૈનધર્મ અને અહિંસાનો પ્રચાર કરીએ, જનતાના નૈતિક જીવનને ઉન્નત બનાવીએ તથા આપણા સમાજને આગળ વધારીએ.

## ઠરાવ ૨ : કાંગડા તીર્થની બાબતમાં સરકારને પ્રાર્થના

પંજાબ રાજ્યમાં આવેલ કાંગડામાંના પ્રાચીન કિલ્લાના ઉપરના ભાગમાં એક જૈન મંદિર છે, કે જેના મૂળનાયક શ્રી ઋષભદેવ છે. અત્યારે એ મંદિર જીર્ણ સ્થિતિમાં છે અને ભારત સરકારના પુરાતત્ત્વ વિભાગના તાબામાં છે. જૈનો આ ધામને પવિત્ર માને છે, અને હમેશાં સેંકડોની સંખ્યામાં એની યાત્રા કરવા જાય છે. ચૈત્ર મહિનામાં તો યાત્રાળુઓ વધારે સંખ્યામાં ત્યાં જઈને ઉત્સવ ઊજવે છે. અત્યારે ભગવાનની મૂર્તિ એક ખૂણામાં બહુ જ નાની અને અયોગ્ય જગ્યામાં મૂકેલી છે; અને દર્શન–પૂજનમાં મુશ્કેલી પડે છે, તેથી કોન્ફરન્સ ભારત સરકારને આગ્રહ કરે છે કે—

(ક) મૂર્તિને અત્યારના સ્થાનેથી હટાવીને ત્યાં જ પાસેના યોગ્ય સ્થાનમાં પધરાવવામાં આવે.

(ખ) મૂર્તિ ઉપર ચડાવવામાં આવેલ ચંદન અને ત્યાં ફરકાવવામાં આવતી ધ્વજાઓને દૂર કરવામાં ન આવે.

(ગ) વગર રોક–ટોક કર્યે પૂજાનો અધિકાર આપવામાં આવે; અત્યારે ફક્ત ચૈત્રી ઉત્સવ વખતે જ આ અધિકાર આપવામાં આવે છે, જે સાવ ઓછો છે.

(ઘ) રીતસરની વિઝીટબુક ત્યાં રાખવામાં આવે; અને યાત્રીઓ માંગણી કરે ત્યારે એમને એ આપવામાં આવે.

(ઙ) મંદિરનો ઘટતો જીર્ણોદ્ધાર કરાવવામાં આવે.

## ઠરાવ ૩ : દિલ્હીમાં વલ્લભસ્મારક

પંજાબની જૈન મહાસભાએ, યુગવીર જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીની જૈન ધર્મ, જૈન સમાજ અને ભારત રાષ્ટ્રની મહાન સેવાઓ પ્રત્યે સાચી શ્રદ્ધાંજલિ સમર્પણ કરવા માટે, ભારતની રાજધાની દિલ્હીમાં વલ્લભ–સ્મારક રચવાનો નિર્ણય કરેલો છે.

કોન્ફરન્સ પંજાબ સંઘની આ યોજનાનું પૂર્ણરૂપે સમર્થન કરે છે. કોન્ફરન્સના બંધારણમાં આ પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાનો ઉલ્લેખ છે. દિલ્હી-નગર અત્યારે આંતરરાષ્ટ્રીય મહત્તા ધરાવે છે. આવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાનમાં સ્મારકની રચના, એ જૈન શાસનની અનુપમ સેવા બનશે, તેથી આ અધિવેશન ભારતના સમસ્ત જૈન સમાજને આગ્રહ કરે છે કે એ આ યોજનાને પૂરી કરવામાં તન-મન-ધનથી સહકાર આપે.

### ઠરાવ ૪ : શ્રી મહાવીર નિર્વાણ ઉત્સવ

જૈનોના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણને વિ. સં. ૨૦૩૦ ના કાર્તિક વદિ અમાવાસ્યાએ (ગુજરાતી આસો વદિ અમાવાસ્યાએ) ૨૫૦૦ વર્ષ થશે. ભગવાન મહાવીર અહિંસાના મહાન પ્રચારક હતા અને એમણે ભારતમાં એક આધ્યાત્મિક, ધાર્મિક તથા સામાજિક ક્રાંતિનો ધ્વજ ફરકાવીને શાંતિ, સંયમ અને સમાનતાનો ઉપદેશ આપ્યો હતો. સમસ્ત જૈન સમાજનું એ પરમ કર્તવ્ય છે કે એ સમયે આ મહાપુરુષની સ્મૃતિને અનુરૂપ, શોભે એવા ઉત્સવનું આયોજન કરે, જેથી રચનાત્મક કાર્ય દ્વારા જૈન ધર્મના પ્રચારનાં અને જૈન સમાજની ઉન્નતિનાં સાધન યોજવામાં આવે. આ કામને માટે બધાય જૈન સંપ્રદાયોના સહકારની જરૂર છે. આ ઉદ્દેશને પાર પાડવા માટે કોન્ફરન્સના પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવે છે. તેઓ લાગતી-વળગતી સંસ્થાઓ સાથે સંપર્ક સાધીને એક વગદાર પ્રતિનિધિત્વ ધરાવતી પેટાસમિતિની રચના કરે.

આ બાબતમાં ભારત સરકાર અને બિહાર વગેરે અન્ય રાજ્યોની સરકારોની મદદ લેવામાં આવે, જેવી મદદ બધાય રાજ્યોએ સને ૧૯૫૬ ની સાલમાં ભગવાન બુદ્ધના પરિનિર્વાણના ૨૫૦૦ માં વર્ષની પૂર્ણાહૂતિ વખતે આપી હતી,

### ઠરાવ ૫ : ધાર્મિક સ્થાનો સંબંધી કાયદા

મધ્યસ્થ સરકાર અને પ્રાદેશિક સરકારો સમક્ષ એવા પ્રકારના કાયદા રજૂ કરવામાં આવી રહ્યા છે કે જે દ્વારા ધાર્મિક તથા ચેરીટેબલ ટ્રસ્ટો ઉપર સરકારી નિયંત્રણ સ્થાપિત થઈ જાય.

જૈન મંદિરો તથા ધાર્મિક સ્થાનોની વ્યવસ્થા વ્યક્તિગતરૂપે નહીં પણ જૈન સંઘની સંમતિથી નિમાયેલ વ્યવસ્થાપકો દ્વારા કરવામાં આવે છે અને એને માટે ઘટતી ગોઠવણ કરવામાં આવે છે, તેથી જૈન મંદિરો તથા અન્ય ધાર્મિક સંસ્થાઓને આવા કાયદાઓની મર્યાદામાંથી બાકાત રાખવામાં આવે એ જરૂરી છે. જૈન સંસ્થાઓ ઉપર કોઈ પણ પ્રકારનું સરકારી નિયંત્રણ, એ એના ઉદ્દેશોની પૂર્તિમાં અનુચિત રૂકાવટ અને દખલગીરીરૂપ બનશે. તેથી આ અધિવેશન ભારતની સરકાર તથા પ્રાદેશિક સરકારો તેમજ ધારાસભાઓને આગ્રહ કરે છે કે ધાર્મિક ઓછી સંખ્યાવાળાઓનાં અધિકારો અને હિતો ઉપર આઘાત ન કરે; અને એવા પ્રકારના કાયદાઓમાંથી જૈન ધાર્મિક સંસ્થાઓને મુક્ત રાખે.

### ઠરાવ ૬ : સંગઠન

પરમાર, સરાક, પલ્લીવાલ, અગ્રવાલ વગેરે કેટલીક જાતિઓ પ્રાચીન સમયમાં જૈનધર્મ પાળતી હતી. એ બધી ઉપદેશ અથવા સંપર્કને અભાવે ધર્મવિમુખ છે. આવી વ્યક્તિઓને જૈનધર્મમાં સ્થિર કરવાને માટે દરેક પ્રકારના પ્રયત્નો કરવાની જરૂર આ કોન્ફરન્સ સ્વીકાર કરે છે; આ દિશામાં બંગાળ, બિહાર, ભરતપુર. જયપુર, બોડેલી વિગેરે સ્થાનોમાં જે પ્રયત્નો થઈ રહ્યા છે તેની પ્રશંસા કરે છે; અને સાથોસાથ આ પ્રવૃત્તિને દરેક પ્રકારે સહાયતા આપવાની જૈન સમાજને અપીલ કરે છે.

### ઠરાવ ૭ : શોક પ્રદર્શન

સાતમા ઠરાવમાં સ્વર્ગવાસી થયેલ પૂજ્ય આચાર્ય મહારાજાઓને અંજલિ આપવામાં આવી છે અને ગૃહસ્થોના અવસાન અંગે શોક પ્રદર્શિત કરવામાં આવ્યો છે.

### ઠરાવ ૮ : મુંબઈના ઉદ્યોગગૃહને અપાયેલ સહાયતા

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ સમિતિ-મુંબઈ-દ્વારા સંચાલિત ઉદ્યોગ-ગૃહને સને ૧૯૫૭-૫૮ ની સાલમાં મદદના જે દશ હજાર રૂપિયા આપવામાં આવ્યા છે તેને બહાલી આપવામાં આવે છે અને ભવિષ્યની સહાયતાની બાબતમાં કાર્યવાહક સમિતિ વિચાર કરીને યોગ્ય વિચાર કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠરાવ ૯ : મુખ્ય મંત્રીનું નિવેદન

કૉન્ફરન્સના મુખ્ય મંત્રીએ કાર્યવાહીનું જે નિવેદન રજૂ કર્યું છે, એની નોંધ લેવામાં આવે છે.

ઠરાવ ૧૦ : સંત વિનોબાજીના આંદોલન અને પંચશીલનું સમર્થન

જૈન તીર્થંકરોએ અનાદિકાળથી વ્યક્તિ, સમાજ તથા વિશ્વના કલ્યાણના અમોઘ સાધનરૂપે સત્ય, અહિંસા, સ્યાદ્વાદ અને અપરિગ્રહના ઉચ્ચ સિદ્ધાંતોનો ઉપદેશ આપીને દુનિયાને નૈતિક અને આધ્યાત્મિક માર્ગે આગળ વધારી છે. આ સિદ્ધાંતોને આધારે ચાલતી સંત વિનોબાભાવેની જનહિતકારી પ્રવૃત્તિઓની આ કૉન્ફરન્સ અનુમોદના કરે છે.

આ અધિવેશન વિશ્વશાંતિ તથા જુદા જુદા રાષ્ટ્રોમાં આપસ–આપસમાં સ્નેહસંબંધ સ્થાપિત થાય, એ માટે પંડિત જવાહરલાલ નેહરુએ રજૂ કરેલ પંચશીલના સિદ્ધાંતોની પણ અનુમોદના કરે છે.

ઠરાવ ૧૧ : કૉન્ફરન્સના બંધારણમાં ફેરફાર

કૉન્ફરન્સના ચાલુ બંધારણમાં નીચે મુજબ ફેરફાર કરવાનો આ અધિવેશન નિર્ણય કરે છે:–

**કલમ ૫ :** 'સભાસદ' એ મથાળા નીચેના (ખ) વિભાગમાં સામાન્ય સભાસદ : વાર્ષિક રૂપિયા પાંચની ફી દેવાવાળા.

**કલમ ૧૭ :** 'મુખ્ય મંત્રી, એમના અધિકાર અને ફરજ' પ્રમુખશ્રી સંસ્થાના બે મુખ્ય મંત્રીઓ અને જો જરૂર લાગે તો બીજા બેની સંખ્યા સુધી મંત્રીની નિમણૂંક કરી શકશે.

**કલમ ૧૯ અને ૨૧ :** "વિષય વિચારિણી સમિતિ અને અખિલ ભારત જૈન શ્વે. કૉન્ફરન્સ સ્થાયી સમિતિ" : જુદા જુદા વિભાગોના સભ્યોની સંખ્યા પૂરી કરવાની પૂરી સત્તા આ અધિવેશન કાર્યવાહક સમિતિને આપે છે.

**કલમ ૨૪ :** "કાર્યવાહક સમિતિ અને તેનું કાર્ય" : (૧) સંસ્થાના પ્રમુખ કલમ ૧૭ મુજબ નિમાયેલ મુખ્યમંત્રીઓ અને મંત્રી અને અ. ભા. જૈન શ્વે. કૉન્ફરન્સની સ્થાયી સમિતિના બીજા સભ્યો મળીને કુલ ૨૫ સભ્યોની કાર્યવાહક સમિતિ અધિવેશન મળ્યા પછી એક મહિના બાદ નીમશે.

**નોંધ:**—સામાન્ય સભાસદ અને અ. ભા. જૈન શ્વે. કૉ.ની સ્થાયી સમિતિના સભ્યોને કૉન્ફરન્સનું મુખપત્ર વિનાલવાજમે મોકલવામાં આવશે.

ઠરાવ ૧૨ : રતલામ મંદિરનું રક્ષણ

રતલામના શ્રી શાંતિનાથજી જૈન મંદિરના રક્ષણને માટે રતલામના શ્રી સંઘે અને કૉન્ફરન્સના પ્રતિનિધિ શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈ જે. પી.એ ન્યાય મેળવવાને માટે જે સફળ લડત ચલાવી છે, એને માટે આ અધિવેશન રતલામના શ્રી સંઘને અને શેઠ રમણલાલભાઈને ધન્યવાદ આપે છે. રતલામના સંયુક્ત જૈન સંઘના ભાઈઓ અને બહેનોએ મુશ્કેલીઓ સહન કરીને જે સહિષ્ણુતા દાખવી છે, અને ભારતના શ્રી સંઘોએ જે સહકાર આપ્યો, એને માટે આ અધિવેશન એમને હાર્દિક અભિનંદન આપે છે.

ઠરાવ ૧૩ : ઉદ્યોગ–સલાહકાર સમિતિ

મધ્યમ વર્ગના ઉત્કર્ષ માટે જુદાં જુદાં સ્થાનોમાં સ્થાનિક ઉદ્યોગ–સહકાર સમિતિઓની સ્થાપના કરવામાં આવે. આ સમિતિઓ આ બાબતમાં મધ્યમ વર્ગના ભાઈઓનું માર્ગદર્શન કરે કે આ ક્ષેત્રમાં એમને માટે કયા કયા ઉદ્યોગ–ધંધા લાભકારી થશે; અને એની સ્થાપના કેવી રીતે અને કયા સાધનોથી કરી શકશે; આર્થિક સહાયતાનો સવાલ કેવી રીતે હલ થઈ શકે તેમ જ એનું સફળ સંચાલન કેવી રીતે કરી શકાશે.

ઠરાવ ૧૪ : સ્થાયી સમિતિ

સ્થાયી સમિતિના સભ્યોની વિભાગવાર નિમણૂક અને બાકીના વિભાગોના સભ્યોની નિમણૂકની સત્તા પ્રમુખશ્રીને આપી.

ઠરાવ ૧૫ : આભાર પ્રદર્શન

કૉન્ફરન્સના ૨૦ મા અધિવેશનના પ્રમુખ શ્રી મોહનલાલ લલ્લુચંદ, ઉપપ્રમુખ શ્રી ફૂલચંદ શામજી, મુખ્ય મંત્રીઓ શ્રી સોહનલાલ મ. કોઠારી અને શ્રી જયંતીલાલ રતનચંદ શાહ અને કાર્યવાહક સમિતિના સભ્યોએ જે અમૂલ્ય સેવાઓ આપી છે તેની આભાર સહિત નોંધ લેવામાં આવે છે; અને એમને અભિનંદન આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## पुस्तकोनी पहोंच

૧–૨ આગમોદ્ધારકકૃતિસંદોહ (ભાગ ૧ તથા ૨)—[પ્રતાકાર] સંશોધક–આચાર્ય મહારાજ શ્રી માણિક્યસાગરસૂરિજી મહારાજ. પ્રકાશક–રમણલાલ જયચંદ શાહ–કપડવંજ.

સ્વર્ગસ્થ પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે પોતાના જીવનકાળ દરમિયાન જે અનેક કૃતિઓ રચી હતી, તેમાંથી કેટલીક પ્રસિદ્ધ થઈ હતી, અને કેટલીક હાથપોથીમાં સંગ્રહાયેલી હતી. તે પૈકી પ્રતાકારના આ બંને ભાગોમાં ૩૮–૩૮ એટલે કુલ છોંતેર કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. બીજી પણ હજી કેટલીય કૃતિઓ અપ્રકાશિત છે, જે ક્રમશઃ વિભાગોમાં પ્રગટ થતી રહેશે. "બહુશ્રુત" તરીકેના બિરુદને પામેલા સ્વ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજીની આ કૃતિઓ અભ્યસનીય અને ચિંતનીય છે. પ્રયાસ આવકારપાત્ર છે.

૩. રત્નસારચરિત્ર (પ્રતાકાર)—રચયિતા–મુનિરાજ શ્રી ત્રૈલોક્યસાગરજી મહારાજ. પ્રકાશક–શ્રી જૈન સંઘની પેઢી–ઈડર.

સમ્યક્ત્વની શુદ્ધિને અંગે આ રસિક કથાનક છે, સાડાચારસો જેટલા શ્લોકોમાં આ નવીન કૃતિ સુંદર સામગ્રી અને સારો હિતોપદેશ પૂરો પાડે છે. મુનિરાજશ્રીનો આ પ્રયાસ પ્રશંસનીય છે.


અદ્ભુત અને ચમત્કારપૂર્ણ

# શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ

[ સચિત્ર ]

લેખક : મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ

સચિત્ર આ પુસ્તકમાં પ્રાચીન ઇતિહાસ સરસ શૈલીએ રજૂ કરવામાં આવ્યો છે. છંદો, લાવણી અને અનેક પ્રાચીન સહાદતો આપી આ ગ્રંથને ઐતિહાસિક બનાવવામાં આવ્યો છે. શ્વેતાંબર–દિગંબર ઝઘડા અંગે, જે લડત ચાલેલી અને છેવટે પ્રીવી કાઉન્સીલ સુધી પહોંચવું પડેલ તેને લગતો જે ફેંસલો આવેલ તે અક્ષરશઃ ફેંસલો આ પુસ્તકમાં આપવામાં આવેલ છે. મૂળનાયક શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ, જૂનું પ્રાચીન જિનાલય તથા અંતરિક્ષજી તીર્થે જવા માટે માર્ગ સૂચવતો નકશો વિગેરે સુંદર ફોટા આપી પુસ્તકની સુંદરતામાં વધારો કર્યો છે.

સૌ કોઈએ આ પુસ્તક વસાવી લેવા જેવું છે.

મૂલ્ય–રૂપિયો સવા : પોસ્ટેજ અલગ

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


આપની નકલ નોંધાવવાનું રખે ચૂકતા

ગ્રાહકો પૂરતી મર્યાદિત નકલો જ છપાશે

મૂલ્ય રૂા. ચાર
અગાઉથી ગ્રાહક થનાર માટે
રૂા. સાડાત્રણ

# જૈન રામાયણ

[ શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર પર્વ–૭ મું ભાષાંતર ]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજાની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.
- અગાઉથી ગ્રાહક થનાર વ્યક્તિએ રૂા. એક મોકલી આપી ગ્રાહકશ્રેણિમાં નામ નોંધાવી લેવું.
- વિશેષ નકલ મગાવનારે તેમ જ અમુક નકલોમાં સ્નેહી-સ્વજનનું જીવનચરિત્ર કે ફોટો મૂકવા ઇચ્છનાર વ્યક્તિએ પત્રવ્યવહાર કરવો.

લખો:—શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

— પ્રસિદ્ધ થઈ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીકે છે —

## ચોસઠ પ્રકારની પૂજાઓ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર


For Private And Personal Use Only